# તલોદ નગરપાલિકામાં સત્તાની સોગઠીમાં અટવાયો ભાજપ

તલોદ, તા. ૨૯

તલોદના નગરજનોએ પોતાનો કિંમતી મત આપી ભાજપને બહુમતીથી સત્તા સોંપી છે. પરંતુ સત્તાની સોગઠીમાં પક્ષના છ જેટલા સભ્યોએ બળવો કરી કોંગ્રેસ સાથે હાથ મીલાવી પક્ષના મેન્ડેડ વિરૂદ્ધ જઈને સત્તા હાંસલ કરવામાં સફળતા મેળવી લીધી હતી પરંતુ પક્ષ દ્વારા પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરીને સસ્પેન્શનનું શસ્ત્ર ઉગામી દીધુ હતુ. બાદમાં ભાજપના કેટલાક સભ્યોએ મોવડીમંડળ સમક્ષ આજીજી કરી પોતે પક્ષ સાથે રહેવા ઈચ્છતા હોવાનું જણાવી સસ્પેનશન રદ કરાવી દીધુ છે. આમ સત્તા ટકાવી રાખવા ભાજપ પક્ષ દ્વારા હાથ ધરાયેલા કાવાદાવાથી નગરનો વિકાસ રૂંધાવા લાગતા નગરજનોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

મળેલ વિગતો મુજબ તલોદનગરપાલિકામાં ભાજપના ૧૪ સભ્યો ચૂંટાયા છે. જેમાં બહુમતી થઈ જતા પ્રથમ ટર્મ માટે ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યુ હતુ. જ્યારે અઢી વર્ષ પુર્ણ થતાં બીજી ટર્મ માટે પ્રમુખપદ મેળવવા રીતસર પક્ષમાં ભાગલા પડી ગયા હતા અને પ્રમુખપદની ચૂંટણી સમયે ભાજપ પક્ષના મેન્ડેડને અવગણી ભાજપના છ સભ્યોએ બળવો કરી કોંગ્રેસ સાથે હાથ મીલાવી સત્તા કબ્જે કરી લીધી હતી. દરમ્યાન ભાજપે બળવાખોર છ સભ્યો વિરૂદ્ધ પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરીને સસ્પેન્ડ કરી દીધા હતા. જેમાં સસ્પેન્ડ થયેલા છ પૈકી ત્રણ સભ્યો પક્ષ સમક્ષ આજીજી સાથે આપવિતી રજુ કરતા પક્ષે ત્રણ સભ્યોને પક્ષમાં પાછા લઈ લીધા છે.

**બીજી ટર્મ માટે પક્ષના મેન્ડેડને અવગણી ભાજપના સભ્યોએ બળવો કરી કોંગ્રેસનો સાથ લઈ સત્તા હાંસલ કરી હતી, પક્ષે પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરી, ત્રણ સભ્યોને પાછા લીધા**

ભાજપમાં ઉભી થયેલી ભાગલા પાડવાની પ્રવૃત્તિ અને સત્તા માટેના કાવાદાવાથી નગરના વિકાસને માઠી અસરો પહોંચી છે. અને પ્રજાજનો પણ ભાજપની આ ભાંજગઢથી નારાજ બન્યા છે. જેમાં સત્તા વગર ન રહી શકતા હોવા જેવી ચર્ચાઓ પણ નગરજનોમાં થઈ રહી છે. સત્તા માટે વફાદાર કાર્યકરો, આગેવાનો અને મતદારો સાથે થયેલો દ્રોહ પ્રજામાં હાલ મુખ્ય ચર્ચાનો વિષય બન્યો છે. પક્ષને પણ નિતીનિયમો બાજુમાં રાખી સમાધાન કરવાની ફરજ પડે ત્યાં સુધીની કાર્યવાહી નગરમાં તરેહ તરેહ રીતે રજુ થઈ રહી છે. જો કે પ્રજાએ મુકેલા વિશ્વાસ સાથે થયેલ છેતરપીંડી પ્રજાજનો ભાજપ પક્ષને યાદ કરાવી આગામી સમયની આ દુરાગામી અસરો હોવાનું જણાવી રહ્યા છે.



અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ શાસનમાં ગરીબ-મધ્યમ વર્ગ મોંઘવારીના મારમાં પીસાઈ રહ્યો છે. ગરીબ-મધ્યમ વર્ગને થતા અન્યાય સામે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યવ્યાપી ધરણાના અનુસંધાને સોમવારે જિલ્લાના કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ દ્વારા નવીન જિલ્લા સેવા સદન કચેરી ખાતે ધરણા યોજી ગરીબ વિરોધી એ સરકાર નહી ચલેગી, ગરીબોને થતો અન્યાય બંધ કરો, જેવા સૂત્રોચ્ચાર સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ઊંઝા એસ.ટી. ડેપોમાં ચાર શખ્સોએ આંગડીયા પેઢીના કર્મી પાસેથી ૨.૮૫ લાખની આબાદ લૂંટ

ઊંઝા, તા. ૨૯

ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં આંગડીયા કંપનીની રોકડ રકમનો થેલો લઈને ઉભેલા એક કર્મચારી સાથે મોટરકારમાં આવેલ ચાર અજાણ્યા શખ્સોએ ઝપાઝપી કરી બળજબરીપૂર્વક રૂપિયા ૨.૮૫ લાખની રોકડ રકમ ભરેલ થેલાની આબાદ લૂંટ ચલાવી સિદ્ધપુર તરફ નાસી છુટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે, ઉત્તર ગુજરાતના પાટણ ખાતે આવેલ એસ. રમેશચંદ્ર નામની આંગડીયા પેઢીના કર્મચારી નટવરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ રહે. માંડોરી તા. પાટણ આજે સાંજના પાંચ વાગ્યાના સુમારે પાટણથી ઊંઝા બસ સ્ટેશને બસમાંથી ઉતર્યા હતા ત્યારે એક નંબર પ્લેટ વગરની મોટરકારમાં આવેલ ચાલક સહિત ચાર અજાણ્યા શખ્સોએ આંગડીયા કર્મચારી સાથે ઝપાઝપી કરી બળજબરીપૂર્વક તેમની પાસેથી રૂપિયા ૨ લાખ ૮૫ હજારની રોકડ રકમ ભરેલ થેલાની લૂંટ ચલાવી હતી.

લૂંટનો ભોગ બનેલ કર્મચારી હાંફળાફાંફળા હાઈવે પોલીસ ચોકી પર દોડી ગયા હતા અને પોલીસને લૂંટ અંગે જાણ કરી હતી. જેથી પોલીસ બસ સ્ટેશનમાં દોડી આવી હતી અને લૂંટારૂઓને ઝડપવા માટે વાયરલેસ સંદેશો પાઠવી મહત્વના માર્ગો પર નાકાબંધી કરાવી દીધી હતી. દરમિયાન લૂંટની ઘટનાને અઢી કલાકનો સમય વીતી જવા છતાં પોલીસને તપાસ દરમિયાન લૂંટારૂઓના કોઈ સગડ મળ્યા નથી.

ઉપરોક્ત બાબતે ઊંઝા પોલીસે કાયદેસર ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.



અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં આવેલ સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંકના નવા એટીએમ મશીનનું ઉદઘાટન સોમવારના રોજ સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ એટીએમ આગળ લગાવેલ લાલ રીબીન કાપી ગ્રાહકો સમક્ષ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ એટીએમના ઉદઘાટનમાં સાબરકાંઠા બેંકના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, એમ.ડી. જયંતિભાઈ પટેલ, બેંકના સીઈઓ એચ.પી. નાયક તથા બેંકના વાર્ડના તમામ ડિરેકટરો, બેંકનો સમગ્ર સ્ટાફ તેમજ ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સાબરકાંઠા બેંકના એટીએમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા પંચાયતનું ૬૪૭.૫૩ કરોડનું અંદાજપત્ર મંજૂર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૬-૧૭નું રૂ. ૬૪૭.૫૩ કરોડનું બજેટ આજરોજ મળેલી સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટમાં કૃષિ, શિક્ષણ, જળસંચય સહિતના કામો માટે જરૂરી રકમની જોગવાઈ કરાઈ હતી. પરંતુ વિપક્ષી નેતાએ આ બજેટને દલીત અને ગરીબ વિરોધી બજેટ ગણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધીના પ્રમુખપદે આજરોજ યોજાયેલી સામાન્ય સભામાં જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૬-૧૭નું બજેટ મંજૂર કરાયું હતું. રૂ. ૬૪૭.૫૩ કરોડના આ બજેટમાં વિવિધ વિકાસ કામો અને કુદરતી આફત અને કૃષિ-શિક્ષણ સહિતના કામોને આવરી લેવાયા હતા.



અલબત્ત, વિરોધપક્ષના નેતા રાજુભાઈ પટેલે કોંગ્રેસની, જિલ્લા પંચાયત દ્વારા બજેટમાં કરેલી જોગવાઈઓ માત્ર કાગનો વાઘ જ હોવાનું જણાવી આ બજેટને ગરીબ અને દલિત વર્ગનું વિરોધી અને તથ્યહિન ગણાવ્યું હતું. જ્યારે સભામાં ઉપસ્થિત અપક્ષ સભ્ય જશુભાઈ પટેલે બજેટમાં કુપોષણ માટે, ગરીબોના રહેણાંક મકાનો બાંધવા કોઈ જ નોંધપાત્ર જોગવાઈ કરી નથી તેમ જણાવી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી સુધીરભાઈ પટેલે જણાવ્યું હતું કે આ બજેટમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે રૂ. ૧.૫૦ લાખ, અંબાજી-શામળાજી જતા યાત્રાળુઓની સેવાર્થે ૫૦ હજાર, કુપોષિત બાળકો માટે ત્રણ લાખ અને કુદરતી આફતો સામે સહાયરૂપ થવા રૂ. બે લાખની ખાસ જોગવાઈ કરી છે.

આ ઉપરાંત જળસંચયના કામોમાં રૂ. ૪૨૦.૭૫૦ લાખ, દુષ્કાળ પ્રતિરોધક કામો માટે રૂ. ૧૭૧.૭૭૦ લાખ, એસ.સી. એસ.ટી., બી.પી.એલ. લાભાર્થીઓને જમીન સુધારણા માટે રૂ. ૭૭૦.૧૨ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

# મેઢાસણ ગામે રિદ્ધિસિદ્ધિ ગણપતિ મંદિરે શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલ અતિ પૌરાણીક મંદિર શ્રી રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિરે રવિવારે શિખર-પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધામધૂમથી ઉજવણી અને ગણેશયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિખર પૂજન, ધ્વજારોહણ, કળશ સ્થાપન, મુષક સ્થાપન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા અને રાજ્યના તેમજ મહારાષ્ટ્રથી ગણપતિદાદાના ભાવિભક્તો ઉમટી પડ્યા હતા. રવિવારે દિવસભર વિવિધ ધાર્મીક કાર્યક્રમોનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ભાવિ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

મેઢાસણ ગામે આવેલા અતિ પૌરાણીક અને અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર રાજ્ય અને દેશના ગણપતિદાદાના ભક્તજનોમાં ખુબ જ જાણીતા એવા શ્રી રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિરનો શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ભક્તિભાવથી ઉજવાયો હતો. રવિવારે વહેલી સવારથી શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા ભક્તો ઉમટી પડ્યા હતા. ધાર્મિક પર્વમાં સવારે ૯.૧૫ કલાકે યજ્ઞ પ્રારંભ સાથે ૧૦.૧૫ કલાકે શિખર પૂજન, બપોરે ૧૨.૩૯ કલાકે શિખર પ્રતિષ્ઠા, બપોરે ૧.૧૫ કલાકે મૂષક સ્થાપન અને સાંજે ૫.૧૫ કલાકે યજ્ઞ પૂર્ણાહૂતિ બાદ સાંજના ૬.૧૫ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણપતિદાદા મોરીયાનો નાદ સમગ્ર દિવસ દરમ્યાન મંદિર પરિસરમાં ગુંજી ઉઠ્યો હતો. ત્યાર બાદ સાંજના ૭.૧૫ કલાકે યોજાયેલા સુંદરકાંડના આયોજનમાં મેઢાસણ પંથકના ધાર્મિક પ્રજાજનો ઉમટી પડ્યા હતા અને ભાવવિભોર બન્યા હતા. રવિવારે યોજાયેલા શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમગ્ર મેઢાસણ ગામ ભક્તિના રંગે તરબોળ બન્યું હતું. રાત્રીના ૧૦.૦૦ કલાકે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



શ્રી રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિરના શિખર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ટ્રસ્ટના પ્રમુખ મનુપ્રસાદ જોષી, ઉપપ્રમુખ પુનમચંદ શાહ, મંત્રી દયાજીભાઈ પટેલ, રવિલાલ પટેલ, પૂજારી પ્રદિપકુમાર વ્યાસ તેમજ પ્રતિષ્ઠા મહોત્સવના વ્યવસ્થાપક સમિતિના ચીનુપ્રસાદ જોષી, અરવિંદભાઈ શાહ, હરેશભાઈ ગોર સહિત તમામ મંડળના ટ્રસ્ટીઓએ હાજર રહી આ ધર્મકાર્યમાં ઉદાર હાથે દાન આપનાર દાતાઓનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉમેદપુરામાં પ્રદૂષણ ઓકતા સીરામીક ઉદ્યોગનો ચોમેર વિરોધ

તલોદ, તા. ૨૯

તલોદ તાલુકાના ઉમેદપુરા કંપા, ઉમેદની મુવાડી, જવાનપુરા, સુલતાનપુર, માધવગઢ, અણીયોડ તથા હરસોલ સહિતના ગામોના લોકો ઉમેદપુરા કંપાના ખેત સીમાડામાં પ્રદૂષણ ઓકતા સીરામીક ઉદ્યોગનો જબરદસ્ત વિરોધ કરી રહ્યા છે. જે અંગે સરકારની કચેરીઓમાં વિગતવાર અરજીઓ કરી આ ઉદ્યોગને બંધ કરવા માંગ કરી છે. તો બીજી તરફ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રૂબરૂ મુલાકાત કરી ઉદ્યોગ બંધ કરવાનો હૂકમ કરેલ હતો જેને સાબરકાંઠા જિલ્લાના કલેક્ટરે મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઈઓનો ઉલ્લેખ કરી મંજૂરી આપી દેતા ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

**કાયદાના અર્થઘટન થકી કલેક્ટરની મંજૂરી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઉદ્યોગ બંધ કરવાના હૂકમની ધરાર અવગણના**

તલોદના ઉમેદપુરાકંપા તથા જવાનપુરા ગામના લોકોની ગુલાબની મુવાડી પંચાયતના સર્વે નંબર ૧૧૧, ૧૧૨ અને ૧૧૯ ખાતે આકાર લઈ રહેલા સિરામીક ઈન્ડસ્ટ્રીઝને મંજૂરી ન આપવા બાબતે ડિસેમ્બર-૧૫માં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનની રૂબરૂ મુલાકાત લઈ રજુઆત કરી લેખિત આપ્યું હતું. જે અન્વયે બોર્ડ દ્વારા વિવાદીત બનેલા સિરામીક ઉદ્યોગની જે તે સમયે રૂબરૂ મુલાકાત કરી નિરીક્ષણ કર્યુ હતુ. જેમાં ૫૦૦ મીટરનો નિર્ધારીત નિયત કરાયેલ માપદંડનો ભંગ થતો હોવાનું જણાયું હતું. વધુમાં બોર્ડ દ્વારા લેખિતમાં જાન્યુ.૧૬માં કલેક્ટર કચેરીને પત્ર પાઠવી એકમની બાંધકામ પ્રવૃત્તિ અટકાવવા અને બિન ખેતી સહિતની મહેસુલી મંજૂરી ન આપવા માટે વિનંતી કરાઈ હતી.

બોર્ડના નિરીક્ષણમાં એકમની હદની ફરતે ખેતીલાયક જમીન આવેલી હોવાનું સ્પષ્ટપણે જણાવાયું છે. વધુમાં બોર્ડ દ્વારા પાણી અધિનિયમની કલમ (૩૩) હેઠળ તાત્કાલિક અસરથી ઉદ્યોગની સ્થાપના, બાંધકામ પ્રક્રિયા બંધ કરવા, વિજપૂરવઠો કાપી નાખવા જેવો હૂકમ થયેલ હતો. ઉમેદપુરાકંપા તથા અન્ય ગામોએ આ ઉદ્યોગનો ભારે વિરોધ કર્યો છે તેમજ ગ્રામ પંચાયતમાં ઠરાવ પણ કરવામાં ન આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં ખેતી ઉપર નભતા આ ગામોના લોકોની ખેતી આવા ઉદ્યોગો થકી નષ્ઠ થવાની સંભાવનાઓ છે. તેમજ તળાવ-નદી વગેરે પ્રદૂષીત થઈ લોકોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરોનો ખતરો પેદા થયો છે. છતાં સાબરકાંઠા કલેક્ટરમાંથી ગામોના વાંધાના ઠરાવ હોવા છતાં મહેસુલ વિભાગના તા. ૩૦-૧૦-૧૯૯૮ના ઠરાવની જોગવાઈઓ અનુસાર કલમ ૬૫(ખ) હેઠળ મંજુરી આપતી વખતે પ્રદૂષણ બોર્ડના પ્રમાણપત્રની જરૂરિયાત ન હોવાને આગળ ધરી મંજુરી આપી દીધેલ છે. ઉલ્લેખનીય છે કે મંત્રી રમણલાલ વોરાએ પણ આ અંગે યોગ્ય કાર્યવાહીની ભલામણ કરી હતી. જેને પણ કલેક્ટર કચેરીએ અવગણી નાખી છે. જેથી લોકોમાં ભારોભાર રોષ ફાટી નીકળ્યો છે.

## પ્રાંતિજ-તલોદ ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ જાહેર જનતાના પ્રશ્નો સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થાય તે માટે આગામી તા. ૮-૪-૨૦૧૬ના રોજ સવારે ૧૦ થી ૧ પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે અને તલોદ ખાતે ૩ થી ૫ સુધી તલોદ નગરપાલિકા હોલ પશુ દવાખાના પાસે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે.

પ્રાંતિ-તલોદ વિસ્તારના નાગરિકો સરકારી કચેરીઓ ખાતે પડતર પોતાના પ્રશ્નો ટેલીફોન મોબાઈલ નંબર સાથે એક પ્રશ્ન દીઠ એક અરજી કરવાની રહેશે. વધુમાં વધુ બે પ્રશ્નો નાગરિકો રજુ કરી શકશે.

પ્રાંતિજ-તલોદ વિસ્તારના નાગરિકો પોતાના પ્રશ્નો આગામી તા. ૨જી એપ્રિલ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરીએ રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાના રહેશે.

# અરવલ્લી જિલ્લા મહિલા સશક્તિકરણ સંમેલન યોજાયું

## આંગણવાડી કાર્યકર અને તેડાગર મહિલાઓને શ્રેષ્ઠ કામગીરી માટે "માતા યશોદા એવોર્ડ"

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે મહિલા બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડી જિલ્લામાં ઘટક કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનારી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને માતા યશોદા એવોર્ડથી નવાજવામાં આવી હતી.

મોડાસાના નગરપાલિકાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે મંગળવારે અરવલ્લી જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તિકરણ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાની આંગણવાડીમાં શ્રેષ્ઠ કામગીરી કરતી મહિલાઓને માતા યશોદા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, બાળકલ્યાણ સમિતિના અધ્યક્ષ રાજકુમારી ઝાલા, તાલુકા પ્રમુખો અને સીડીપીઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા સશક્તિકરણ સંમેલનમાં જિલ્લાની ૭૦૦થી વધુ આંગણવાડીમાં ફરજ બજાવતી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.



અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સત્તા પક્ષના જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ ભાજપા સરકાર અને ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો ઉઘડો લેતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી મહિલા હોવા છતાં મહિલાઓની સમસ્યાને સમજવામાં ઉણા ઉતરવાની સાથે આંગણવાડી કાર્યકર બહેનોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. તેમજ આંગણવાડી મહિલાઓને ૨૨૦૦થી ૪૫૦૦ રૂ.નો પગાર આપી મહિલાઓનું શોષણ થઈ રહ્યું છે.

## ખેરાલુમાં "વીરમાયા જીવન સાહિત્ય" વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો

મહામાનવ વીરમાયાના બલિદાન અને ઈતિહાસને સમગ્ર સમાજ અને જનસમુદાય સુધી પહોંચાડવા વીરમાયા સ્મારક સમિતિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે ખેરાલુ કોલેજ ખાતે "વીરમાયાના જીવનનું સાહિત્યક મુલ્ય અને દલિત સાહિત્ય પર પ્રભાવ વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિતો અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મહારાજા સિદ્ધરાજ સોલંકીના સામ્રાજ્યમાં બનાવાયેલ સહસ્ત્રલીંગ સરોવરમાં પાણી રહેતુ ન હોવાથી વીરમાયા નામના વણકર-દલિત મહામાનવે પોતાનું બલિદાન આપ્યું હતું અને સરોવરમાં પાણી ભરાયુ હતુ. આ વીરમાયાના ઈતિહાસને સમગ્ર સમાજ સહિત અન્ય સમાજ પણ સમજે અને જાણે માટે વિરમાયા સ્મારક સમિતિ-પાટણ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. ગુજરાત વિરમાયા-સ્મારક સમિતિ પાટણ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ખેરાલુ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. પરિસંવાદને રાજ્યના સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ ખુલ્લો મુક્યો હતો. જેમાં સવારથી સાંજ સુધી સત્ર મુજબ વિવિધ કાર્યક્રમો અને વ્યાખ્યાનો યોજાયા હતા. સત્ર પ્રવચનમાં સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ પણ વ્યાખ્યાન રજુ કર્યુ હતુ.

# પ્રાંતિજના સાંપડ નજીક ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત : બાઈકસવારનું ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે મોડી સાંજે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બાઈક ઉપર જઈ રહેલ બે માંથી એકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત થયું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલ યુવકને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને હિંમતનગર ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નજીક સાંપડ રોડ ઉપરથી બાઈક ઉપર મોયદ ખાતે આવતા અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મોટા સાયબાપુરાના ગોવિંદસિંહ ધીરૂસિંહ જાડેજા ઉં.વ. ૩૦ કે જેવો પોતે પોતાના કબજાનું બાઈક નં. જીજે૯એજે૧૬ ઉપર આવતા હતા તે દરમ્યાન સામેથી ફૂલફાસ્ટ ટ્રેકટર નંબર જીજે૯ઈ.૯૩૦૮નો ચાલક હંકારીને લાવી બાઈકને ટક્કર મારતા બાઈક સવાર બાઈક અને બાઈક પાછળ બેઠેલ બન્ને જણા બાઈક સાથે નીચે પડી ગયા હતા. ત્યારે બાઈક ચાલક ઉપર ટ્રેક્ટરનું ટાયર ફરી વળતા તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત થયું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલ યુવરાજસિંહ કરણસિંહ રાઠોડ ઉં.વ. ૧૨ બાળકને પણ શરીરે વત્તી ઓછી ઈજાઓ પહોંચતા તેને પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર માટે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતકના સાળા જયદિપસિંહ ગંભીરસિંહ રાઠોડ રહે. મોયદ ફરીયાદ કરતા પોલીસે ઘટનાસ્થળે જઈને અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.